આવનારી મીટીંગ ભવિષ્યના રાજકારણ માટે નિર્ણાયક સાબિત થવાની સંભાવના

દેવગઢબારિયા નગરપાલિકામાં અવિશ્વાસ પ્રસ્તાવને લઈ રાજકીય તાપમાન ઉંચુ!

અપક્ષના ૪ સભ્યો દ્વારા હાલના નગરપાલિકા પ્રમુખ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરાઇ

(પ્રતિનિધી) દાહોદ, તા.14 દેવગઢબારિયા નગરપાલિકામાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે. અપક્ષના આઠ સભ્યો દ્વારા હાલના નગરપાલિકા પ્રમુખ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે, જેના પગલે નગરપાલિકાના રાજકારણમાં ભારે હલચલ મચી છે. આ મુદ્દાને લઈ પ્રમુખશ્રીએ આવનારી 17મી ઓક્ટોબર સવારે 10:30 કલાકે નગરપાલિકા સભાખંડમાં મહત્વપૂર્ણ મીટીંગ બોલાવી છે.

સર્વે સભ્યોને મીટીંગમાં ફરજિયાત હાજર રહેવા માટે સૂચના પાઠવવામાં આવી છે. હવે સૌની નજર આ બેઠક પર ટકેલી છે કે અવિશ્વાસની દરખાસ્તનો અંતિમ નિર્ણય શું આવે છે? શું પ્રમુખ પોતાનું બહુમતી સમર્થન સાબિત કરી પદ પર ટકી રહેશે કે પછી સત્તાના સમીકરણોમાં મોટું ફેરફાર જોવા મળશે?

રાજકીય વર્તુળોમાં ચર્ચાનો માહોલ ગરમાયો છે અને આવનારી મીટીંગ દેવગઢબારિયા નગરપાલિકાના ભવિષ્યના રાજકારણ માટે નિર્ણાયક સાબિત થવાની સંભાવના છે.

પીપલીયા ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો

વિકાસ સપ્તાહ અંતર્ગત 'રવિ કૃષિ મહોત્સવ-2025'નો શુભારંભ

ખેડૂતો-પશુપાલકોનું સન્માન સહિત કૃષિલક્ષી પ્રવૃત્તિઓ યોજાઈ

(પ્રતિનિધી) વડોદરા,તા.14 વિકાસ સપ્તાહ અંતર્ગત રાજ્યભરમાં આજે અને તા. ૧૫ ઓક્ટોબર એમ બે દિવસીય 'કૃષિ વિકાસ દિન- ૨૦૨૫' અને 'રવિ કૃષિ મહોત્સવ- ૨૦૨૫' ની ઊજવણી કરવામાં આવી રહી છે, ત્યારે વિધાનસભાના મુખ્ય દંડક બાળકૃષ્ણ શુક્લની અધ્યક્ષતામાં આજે વાઘોડિયાના પીપલીયા સ્થિત સુમનદીપ વિદ્યાપીઠમાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. કૃષિ ક્ષેત્ર અને ખેડૂતોને સમર્પિત આ બે દિવસીય રવિ કૃષિ મહોત્સવના ઉદ્ઘાટન પ્રસંગે વિધાનસભાના મુખ્ય દંડકશ્રીએ નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પ્રથમ વખત શપથ લીધા ત્યારથી લઈને આજ દિન સુધી એટલે કે છેલ્લા ૨૪ વર્ષમાં કૃષિ ક્ષેત્રે થયેલા વિકાસની વાત કરી હતી. કૃષિ ક્ષેત્રે થયેલી તકનીકી ક્રાંતિ અને કૃષિ શૈલીમાં સાનુકૂળ પરિવર્તન માટે રાજ્ય સરકારે કરેલા સફળ પ્રયાસોને તેમણે બિરદાવ્યા અને વર્ણવ્યા હતા.

વિવિધ કૃષિલક્ષી યોજનાઓની ઉપલબ્ધિ અને સફળતાની પ્રતીતિ શ્રી શુક્લએ આંકડાકીય વિગતોની છણાવટ કરીને ઉપસ્થિત જનમેદનીને કરાવી હતી.

ગેમ્સ,કલ્ચરલ એક્ટિવિટીઝ અને ક્રિએટિવ પ્રદર્શનો યોજાયા

એજ્યુકેશન એન્ડ સાયકોલોજી ફેકલ્ટી દ્વારા ફૂડ એન્ડ ફન ફીએસ્ટાની ઉજવણી

વિદ્યાર્થિનીઓએ ટીમ વર્ક, મેનેજમેન્ટ અને બિઝનેસ કૌશલ્ય જેવી બાબતોનો પણ અનુભવ મેળવ્યો

(પ્રતિનિધી) વડોદરા,તા.14 મ.સ.યુનિવર્સિટીની એજ્યુકેશન એન્ડ સાયકોલોજી ફેકલ્ટી દ્વારા ફૂડ એન્ડ ફન ફીએસ્ટા 2025 ની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં વિવિધ પ્રકારના હેલ્ધી ફૂડ સ્ટોલ્સ, ગેમ્સ, કલ્ચરલ એક્ટિવિટીઝ તેમજ ક્રિએટિવ પ્રદર્શનો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ વડોદરાની ફેકલ્ટી ઓફ એજ્યુકેશન એન્ડ સાઇકોલોજી દ્વારા ફૂડ એન્ડ ફન ફીએસ્ટા 2025 નામક અનોખું અને ઉત્સાહભર્યું આયોજન કેઝ બિલ્ડિંગ ખાતે કરવામાં આવ્યું હતું. આ ફીએસ્ટા આનંદ, સ્વાદ અને સંસ્કૃતિનો સુંદર મેળાવડો સાબિત થયો હતો. કાર્યક્રમમાં વિવિધ પ્રકારના હેલ્ધી ફૂડ સ્ટોલ્સ, ગેમ્સ, કલ્ચરલ એક્ટિવિટીઝ તેમજ ક્રિએટિવ પ્રદર્શનો યોજાયા હતા. વિદ્યાર્થીનીઓએ નેલ આર્ટ, ફેસ પેઇન્ટિંગ, હેન્ડમેડ કીચેઇન જેવી હસ્તકલા પ્રદર્શિત કરી હતી. જે કાર્યક્રમનું ખાસ આકર્ષણ બની હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ, પ્રોફેસરો તથા તેમના પરિવારજનોને એક આનંદમય વાતાવરણમાં એકત્ર કરી સ્વાદ, સંસ્કૃતિ અને આનંદની અનુભૂતિ કરાવવાનો હતો. ફૂડ ફીએસ્ટા દ્વારા વિદ્યાર્થીનીઓએ ટીમ વર્ક, મેનેજમેન્ટ અને બિઝનેસ કૌશલ્ય જેવી બાબતોનો પણ અનુભવ મેળવ્યો હતો. ફેકલ્ટીના તમામ વિભાગો જેમાં એજ્યુકેશન, એજ્યુકેશનલ એડમિનિસ્ટ્રેશન, સાઇકોલોજી અને ફિઝિકલ એજ્યુકેશન દ્વારા આ કાર્યક્રમનું આયોજન સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. જે યુનિવર્સિટીના હોલિસ્ટિક ડેવલપમેન્ટ અને સમાજ સાથેના સંવાદ પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરે છે. ફૂડ ફીએસ્ટાએ ટેસ્ટ, ટ્રેડિશન અને ટુગેધરનેસનો સમન્વય કરાવ્યો હતો.

વિકાસ સપ્તાહ-2025ની ઊજવણી : સાફલ્ય ગાથા

રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ થકી બે બાળકીઓને મળી વાચા

કોટંબી ગામના બે બાળકીઓ સર્જરી પછી બોલતા શીખી

(પ્રતિનિધી) વડોદરા, તા.14 ગુજરાતની ૨૪ વર્ષની અવિરત વિકાસ યાત્રાને જન-જનમાં ઉજાગર કરવાના શુભ સંકલ્પ સાથે રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઊજવણી થઈ રહી છે, જે અંતર્ગત વિકાસ રથ જે ગામમાં પહોંચે છે, ત્યાં સરકારની કલ્યાણકારી યોજનાના લાભાર્થી યોજના અંગે પોતાના પ્રતિભાવો લોકો સમક્ષ રજૂ કરે છે. એવી જ એક ગાથા કોટંબી ગામના ઉર્મિલાબેન પરમારે ગામ સમક્ષ રજૂ કરી હતી.

રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) નો હેતુ બાળકોના જીવનની ગુણવત્તા સુધારવાનો છે. આ યોજના અંતર્ગત જન્મથી 18 વર્ષની વયના બાળકોમાં 4 પ્રકારની ખામીઓ - જન્મ સમયે ખામી, રોગો, અક્ષમતા અને વિકાસમાં વિલંબ માટે તપાસ કરવામાં આવે છે. કુલ 32 સામાન્ય સ્વાસ્થ્ય સ્થિતિઓનું વહેલું નિદાન કરીને મફત સારવાર અને જરૂરી હોય ત્યાં સુધી તૃતીય સ્તરે શસ્ત્રક્રિયા સુધીની સેવા પૂરી પાડવામાં આવે છે.

મિતાક્ષી અક્ષયભાઈ પરમાર RBSK લાભાર્થી છે અને તેના હોઠ અને તાળવાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. તે ચાર વર્ષની છે અને તેની સ્થિતિને કારણે બોલી શકતી નહોતી. સર્જરી પછી તે હવે બોલી શકે છે. ગામની બીજી એક છોકરી મહેક નરેન્દ્રભાઈ ચૌહાણએ પણ આવી જ બીમારીથી પીડાતી હતી અને RBSK યોજના હેઠળ તેના હોઠ અને તાળવાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. તે પણ હવે બોલી શકે છે અને બંને છોકરીઓના માતા-પિતાએ આવા કલ્યાણકારી કાર્યક્રમ બદલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઊંડેરા વિસ્તારમાં રહેતા સિમરપ્રીત ગુરવિન્દ્રસિંગ ખોખર ગુમ થયા

(પ્રતિનિધી) વડોદરા, તા.14 વડોદરા શહેરમાં જવાહરનગર સ્ટેશન વિસ્તારની હદમાં આવેલ ડી/૨૨૪, સન એક્ઝોટીકા ગાયત્રી પેટ્રોલપંપની પાછળ , ઉંડેરામાં રહેતા સિમરપ્રીત ગુરવિન્દ્રસિંગ ખોખર તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ આશરે બપોરના ૧.૧૫ વાગ્યાના અરસામાં ગુમ થઇ ગયેલ છે. જેઓ હજુ સુધી પરત આવ્યા નથી. ગુમ થનારની ઓળખ, રંગે ઘઉંવર્ણના, મજબુત બાધાના,મોઢું લંબગોળ, જેની ઉમર આશરે ૨૦ વર્ષની છે. જેમણે બદનમાં મરુન રંગની સલવાર અને મરુન રંગની કુર્તી પહેરેલ છે. જેઓ અભ્યાસમાં બી.બી.એ.ના બીજા વર્ષમાં છે. જેઓ ગુજરાતી,પંજાબી,હિન્દી,અને અંગ્રેજી ભાષા જાણે છે. ગુમ થનારની ભાળ મળ્યે વડોદરા શહેરના પોલીસ જવાહરનગર સ્ટેશનનો સંપર્ક કરવા માટે જણાવાયું છે.

આમ જનતા માટે વ્યસનમુક્તિ અને સંસ્કાર કેન્દ્ર ખુલ્લું મુકાયું

વાઘજીપુર ખાતે ઘનશ્યામ મહારાજ સુવર્ણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

(પ્રતિનિધિ) કાલોલ, તા.14 "શ્રી ગ્રંથરત્ન શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ" ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં ચાર દિવસીય યોજાયેલ મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર, વાઘજીપુર ખાતે શ્રી ઘનશ્યામ મહારાજ સુવર્ણ પ્રતિષ્ઠા - નવનિર્માણ મહોત્સવ સંપન્ન થયો તથા આમ જનતા માટે વ્યસનમુક્તિ - સંસ્કાર કેન્દ્ર પણ ખુલ્લું મુકાયું હતું.

મહંત સદ્ગુરુ શાસ્ત્રી શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ મહોત્સવને ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શુભ સંદેશ પાઠવતાં જણાવ્યું હતું કે, શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન ધર્મચિંતન અને સમાજસેવા દ્વારા માનવજીવનના પરિવર્તન માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. મંદિર સ્થાપનની સાથે વ્યસનમુક્તિની ઝુંબેશ અને શિક્ષણ પ્રસાર સાથે સમાજ સેવાના સત્કાર્યો અને સદ્ વિચાર સમાજ માટે સદૈવ પ્રેરણા સ્ત્રોત રહ્યા છે.આ મંગલકારી અવસરે પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામીશ્રી મહારાજે આશિર્વાદ પાઠવતાં જણાવ્યું હતું કે, જે મનુષ્યના જીવનમાં સત્સંગ, સંસ્કાર અને શિક્ષણ હશે તે ઉન્નત જીવન માણી શકશે. મહોત્સવમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ, પંચમહાલ સાંસદ રાજપાલ સિંહ, ડો. જશવંતસિંહ પરમાર, જિલ્લા કલેક્ટર શ્રી અજય દહીંઆ, IAS, ડી.પી.ઓ વિરલકુમાર વિગેરે મહાનુભાવો ઉપરાંત ઘણી મોટી સંખ્યામાં હરિભક્તોનો સમુહ ઉપસ્થિત રહ્યો હતો.

શિફા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 250 જરૂરિયાતમંદોને દિવાળીની સહાય

સાડી અને અનાજની કીટ ભેટરૂપે આપવામાં આવી

(પ્રતિનિધી) વડોદરા, તા.14 આજરોજ તારીખ 12/10/2025 ના દિવસે નાતજાત કે ધર્મના ભેદભાવ વગર વર્ષોથી સેવાકીય કામમાં કાર્યરત રહેતી વડોદરા શહેરની સંસ્થા શિફા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એસ.એન રોડ ઉપર આવેલ બવાહિર હોલમાં 250 હિંદુ વિધવા કે જરૂરતમંદ બહેનોને દિવાળી પર્વ નિમિત્તે અલ્પાહાર કરાવી સાડી અને અનાજની કીટ ભેટરૂપે આપવામાં આવી હતી. આ પ્રસંગે વાડી સ્વામિનારાયણ મંદિરના શ્રી કોઠારી ઘનશ્યામ સ્વરૂપાનંદ સ્વામી અને ઈશ્વર સ્વરૂપાનંદ સ્વામી સાથે માજી ડેપ્યુટી મેયર ચિરાગ શેખ, એમ.ઈ.એસ. ના સેક્રેટરી નિશાર મિયા અને હેલ્પીંગ હેન્ડના સેક્રેટરી એડવોકેટનો શાહનવાજખાન પઠાણ હાજર રહ્યા હતા. સીફા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી પ્રમુખ મહંમદ હુસેન ઉર્ફે જોની ભાઈ એયુબભાઈ સકાવાળા,સબીરભાઈ શેખ, સલીમભાઈ કાજી અને સૈયદ સાહેબનાઓ હાજર રહ્યા હતા.

ભારતીય રેલવે અને આઈઆરસીટીસી દ્વારા પહેલ

'એક ભારત શ્રેષ્ઠ ભારત અને દેખો અપના દેશ' યોજના અંતર્ગત ધાર્મિક પ્રવાસ

ભારત ગૌરવ ટ્રેન હેઠળ એક નવી ટ્રેન શરૂ કરવામાં આવી

(પ્રતિનિધી) વડોદરા,તા.14 ભારતીય રેલવે અને આઈઆરસીટીસી દ્વારા એક ભારત શ્રેષ્ઠ ભારત અને દેખો અપના દેશ અંતર્ગત IRCTC દ્વારા ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન દ્વારા પૂરી ગંગા સાગર સાથે દિવ્ય કાશી રામલલ્લા દર્શન કરી શકાશે.

યાત્રા ભારત ગૌરવ ટ્રેન હેઠળ તા. 23 ઓક્ટોબરથી 2 નવેમ્બર (10 રાત્રી / 11 દિવસ) રાજકોટ થી પ્રસ્થાન થશે. આ ટ્રેનમાં મુસાફરો રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, સાબરમતી, નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ,રતલામ, ઉજ્જૈન, સંત હીરદારામનગરથી બેસી શકશે. આ યાત્રા દરમિયાન ભારત ગૌરવ ટ્રેન દ્વારા જગન્નાથ પુરી, ગંગાસાગર, ગયા, બનારસ (કાશી), અયોધ્યાના દર્શન કરવાનો લાભ મળશે. આઈઆરસીટીસી તેના મુસાફરોને આરામદાયક મુસાફરી આપવા માટે પ્રતિબદ્ધ છે. મુસાફરોને ભજન કીર્તન અને મુસાફરીની માહિતી આપવા માટે ટ્રેનમાં ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ પણ લગાવવામાં આવી છે. સુરક્ષા માટે દરેક કોચમાં પ્રાઈવેટ સુરક્ષા ગાર્ડ અને સીસીટીવી કેમેરા પણ ઉપલબ્ધ રહેશે. આ ટૂર પેકેજની કિંમતમાં આઈઆરસીટીસી મુસાફરોને ટ્રેનની મુસાફરી ઉપરાંત આધુનિક કિચન કાર દ્વારા મુસાફરોને તેમની સીટ પર જ શુદ્ધ શાકાહારી ભોજન પીરસવામાં આવશે. બસ દ્વારા પ્રવાસ સ્થળોની મુલાકાત, બજેટ હોટેલમાં રહેવાની વ્યવસ્થા, માર્ગદર્શિકા અને અકસ્માત વીમો વગેરે જેવી સુવિધાઓ પૂરી પાડશે. આ અંતર્ગત, પ્રવાસ માટે ત્રણ શ્રેણીઓ નક્કી કરવામાં આવી છે. જેમાં ઈકોનોમી ક્લાસ (સ્લીપર) માટે રૂ.21,200 કમ્ફર્ટ ક્લાસ -3AC માટે રૂ.38,100 અને કમ્ફર્ટ ક્લાસ - 2AC માટે રૂ.46,800 ના દરો નક્કી કરવામાં આવ્યા છે.

પ્રિન્સ અશોકરાજે ગાયકવાડ સ્કૂલ ઈકોફેડલી દિવાળી ઉજવશે

(પ્રતિનિધી) વડોદરા, તા.14 પ્રિન્સ અશોકરાજે ગાયકવાડ સ્કૂલ અને દેવ્યાનીરાજે ગાયકવાડ સ્કુલ દ્વારા તા. ૧૫-૧૦-૨૦૨૫, બુધવાર ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે દિવાળી નિમિત્તે શાળાના વિધ્યાર્થીયો 'ઈકોફેડલી-દિવાળીની અનોખી ઉજવણીનું આયોજન કરાયું છે. આ ઉપરાંત દિવાળી મેળાનું તા-૧૫-૧૦-૨૦૨૫ બુધવાર તેમજ તા-૧૬-૧૦-૨૦૨૫ ગુરુવાર ના રોજ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શાળાના ૧૮૦૦ જેટલા વિધ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓ હર્ષોઉલ્લાસ થી ભાગ લેશે.

દિવાળી એ દીપોત્સવ નો તહેવાર છે જે સાંસ્કૃતિક પરંપરાની અનુભૂતિ કરાવે છે. એ હેતુથી શાળાના વિધ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓ વરા ૨૦૦૦ જેટલા માટી ના દીવાનું રંગકામ કરીને -દીપ દાન-કરશે.

પંચામૃત ડેરીના વિકાસલક્ષી આયામો પર યુવા ક્રિએટર્સ સાથે ચર્ચા

યુવા ક્રિએટર્સે ડેરીના આધુનિક પ્લાન્ટ અને એક્ઝિબિશન સેન્ટરની મુલાકાત લીધી

(પ્રતિનિધી) ગોધરા તા.14 પંચામૃત ડેરીના ચેરમેન જેઠાભાઈ ભરવાડે યુવા ક્રિએટર્સ સાથે મુલાકાત કરી ડેરીના વિકાસની દિશાઓ પર ચર્ચા કરી. તેમણે જણાવ્યું કે સંસ્થા 2 થી 2.5 લાખ ખેડૂતોના હિત માટે કામ કરી રહી છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, જેઠાભાઈ ભરવાડે ડેરીની માઈક્રો ફાઈનાન્સ પહેલને મુખ્ય આયામ ગણાવી. તેમણે માહિતી આપી કે ગેરંટી વિના 80,000 જેટલા લારી-ગલ્લા ચલાવતા લોકોને 20,000 થી 2 લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવી છે, જેમાંથી એક પણ ખાતું NPA થયું નથી. યુવા ક્રિએટર્સે ડેરીના આધુનિક પ્લાન્ટ અને એક્ઝિબિશન સેન્ટરની મુલાકાત લીધી હતી.

વડોદરા મહાનગરપાલિકા
કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી
દક્ષિણ ઝોન
Smart City

જાહેર નિવિદા

વડોદરા મહાનગરપાલિકા દક્ષિણ ઝોન, વોર્ડ-૧૬માં સમાવિષ્ટ સોલાસ હોસ્પિટલ (સવિતા) સામેથી ઓમ રેસિડન્સી સુધીનો આર.સી.સી. રોડ તોડાણ કરી વ્હાઇટ ટોપિંગ કામગીરી હાથ ધરેલ છે. સદર કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ કરવાની હોઈ, સૂચિત કામગીરી દિવસ-રાત્રી દરમિયાન ચાલુ રહે તેવા સંજોગોમાં આજુ-બાજુનાં સ્થાનિક રહીશોએ તથા રાહદારીઓએ સાથ-સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ.નં.૭૩૨/૨૫-૨૬ કાર્યપાલક ઇજનેર (દક્ષિણ ઝોન)

IKF Home Finance

આઈકેએફ હોમ ફાઇનાન્સ લિમિટેડ
ઇકિવનોક્સ બાય ફોનિક્સ-ટાવર 3, 10મો માળ, ડાયમંડ હિલ્સ, લુમ્બિની એવન્યુ, રાય દુર્ગ, ગચીબોવલી, હૈદરાબાદ | તેલંગાણા - 500081

ડિમાન્ડ નોટિસ

નાણાકીય સંપત્તિના સિક્યોરિટીઝેશન અને પુનર્નિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ, 2002 ("અધિનિયમ") અને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો, 2002 ("નિયમો") ની જોગવાઈઓ હેઠળ

અધિનિયમ હેઠળ અને નિયમ 3 સાથે વાંચેલા અધિનિયમની કલમ 13(12) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને આઈકેએફ હોમ ફાઇનાન્સ લિમિટેડ (સુરક્ષિત લેણદાર)ના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરનારે કલમ 13(12) હેઠળ ડિમાન્ડ નોટિસ(ઓ) જારી કરી. કાયદાની કલમ ૧૩(૨) મુજબ, નીચેના ઉધાર લેનારા(ઓ)ને ઉપરોક્ત નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર સંબંધિત નોટિસ(ઓ)માં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે કહેવામાં આવ્યું છે. નીચે સહી કરનાર વાજબી રીતે માને છે કે ઉધાર લેનારા(ઓ) ડિમાન્ડ નોટિસ(ઓ)ની સેવા ટાળી રહ્યા છે/રહી રહ્યા છે, તેથી નિયમો અનુસાર નોટિસની સેવાને લગાવવા અને પ્રકાશનથી અસર થઈ રહી છે. ડિમાન્ડ નોટિસ(ઓ)ની સામગ્રી નીચે મુજબ છે:

ક્રમાંક નં.	ઋણ લેનાર/ઓ અને સહ-ઋણ લેનારા/ઓનું નામ અને સરનામું	લોન રકમ	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	મિલકત / સુરક્ષિત સંપત્તિનું વર્ણન
1	લોન ખાતા નં. : LNXND02821-220003795 ૧. શ્રી ગોપાલભાઈ ભવાનભાઈ ભરવાડ, S/o. ભવારવાડ 2. શ્રી ભવાનભાઈ હરિભારી ભરવાડ, S/o. શ્રી હરિભાઈ 3. શ્રીમતી પુનાબેન ભવાનભાઈ ભરવાડ W/o. શ્રી ભવાનભાઈ હરિભારી ભરવાડ કમ નંબર 1, 2 અને 3 માટે એડ્રેસ :- H. No: 310, ભગાભાઈનું ફળિયું મહાકાલી માતાનું મંદિર, અદુજ આનંદ, ગુજરાત-388620. કમ નંબર 1 માટે એડ્રેસઃ દૂધનો વ્યવસાય, ભગાભાઈનું ફળીયુ મહાકાલી, માતા મંદિર અદુજ આનંદ, ગુજરાત-388620. કમ નંબર 3 માટે એડ્રેસ : 137-2, ભાવદની જોક, અદુજ, તારાપુર, જિ. આણંદ - 388120.	Rs. 5,00,000/-	09.10.2025 રૂ. ૧૯.૦૮.૨૦૨૫ના રોજ ૪,૦૧,૬૫૯.૯૨ (રૂપિયા ચાર લાખ એક હજાર છસો ઓગણસાઠ અને બાણુ પૈસા માત્ર)	આદુજ, તા. તારાપુર, જિ. આણંદ બેરિંગ ગ્રામ પંચાયત નં. ૩૧૦/૧ ખાતે આવેલી મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ, ૫૫૫ ચોરસ ફૂટ વિસ્તાર ધરાવે છે. જેની સીમા નીચે મુજબ છેઃ - દક્ષિણઃ કાનજી ભાઈ હરિભાઈનું ઘર, ઉત્તરઃ મહાકાળી મંદિર, પૂર્વઃ રોડ, પશ્ચિમઃ રોડ.

ઋણ લેનારા(ઓ)ને આ પ્રકાશનની તારીખથી ૬૦ દિવસની અંદર ડિમાન્ડ નોટિસ(ઓ)નું પાલન કરવા અને તેમાં અને અહીં ઉપર દર્શાવેલ ડિમાન્ડ રકમ, લાગુ વ્યાજ, વધારાના વ્યાજ, બાઉન્સ ચાર્જ, કોસ્ટ અને ખર્ચાઓ સહિત ચુકવણીની પ્રાપ્તિની તારીખ સુધી ચૂકવવા સલાહ આપવામાં આવે છે. ઉધાર લેનાર(ઓ) એ નોંધ લે કે આઈકેએફ હોમ ફાઇનાન્સ લિમિટેડ એક સુરક્ષિત લેણદાર છે અને ઉધાર લેનાર(ઓ) દ્વારા મેળવવામાં આવતી લોન સુવિધા ઉધાર લેનાર(ઓ) દ્વારા ગીરવે મૂકેલી સુરક્ષિત સંપત્તિ(ઓ) હોવાથી સ્થાવર મિલકત/મિલકત સામે સુરક્ષિત દેવું છે. જો ઉધાર લેનાર(ઓ) નિર્ધારિત સમયમર્યાદામાં તેમની જવાબદારીઓ સંપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય તો સુરક્ષિત લેણદાર કાયદાની કલમ 13(4) હેઠળ સુરક્ષિત સંપત્તિ(ઓ)નો કબજો લેવા માટે તમામ અધિકારોનો ઉપયોગ કરવા માટે હકદાર રહેશે, જેમાં વેચાણ દ્વારા અથવા કાયદા અને તેના હેઠળના નિયમો હેઠળ ઉપલબ્ધ કોઈપણ અન્ય ઉપાયનો ઉપયોગ કરીને અને ચુકવણી પ્રાપ્ત કરવા સહિત પરંતુ મર્યાદિત નથી. સુરક્ષિત લેણદારને વેચાણ અથવા ટ્રાન્સફરનો અધિકાર લાગુ કરતા પહેલા સુરક્ષિત સંપત્તિ(ઓ) જપ્ત કરવાની અને/અથવા સીલ કરવાની પણ સત્તા છે. સુરક્ષિત સંપત્તિ(ઓ)ના વેચાણ પછી, સિક્યોર્ડ લેણદારને બાકી રકમ વસૂલવા માટે અલગ કાનૂની કાર્યવાહી શરૂ કરવાનો પણ અધિકાર છે, જો ગીરવે મૂકેલી મિલકતોનું મૂલ્ય સુરક્ષિત કેડિટરને ચૂકવવાપાત્ર બાકી રકમને આવરી લેવા માટે અપૂરતું હોય. આ ઉપાય અન્ય કોઈપણ કાયદા હેઠળ સુરક્ષિત કેડિટરને ઉપલબ્ધ અન્ય તમામ ઉપાયોથી વધારાનો અને સ્વતંત્ર છે. ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, સુરક્ષિત સંપત્તિ(ઓ)ને રિડીમ કરવા માટે ઉધાર લેનાર(ઓ)નું ધ્યાન કાયદાની કલમ ૧૩(૮) તરફ દોરવામાં આવે છે અને કાયદાની કલમ ૧૩(૧૩) તરફ આગળ વધારવા માટે, જેમાં ઉધાર લેનાર(ઓ)ને સુરક્ષિત સંપત્તિ(ઓ)નો નિકાલ કરવા અથવા તેની સાથે વ્યવહાર કરવા અથવા વેચાણ, લીઝ અથવા અન્યથા (સામાન્ય વ્યવસાય સિવાય) કોઈપણ સુરક્ષિત સંપત્તિ(ઓ)ને ટ્રાન્સફર કરવાથી રોકવા/ પ્રતિબંધિત કરવામાં આવે છે, સુરક્ષિત કેડિટરની પૂર્વ લેખિત સંમતિ વિના અને ઉપરોક્તનું પાલન ન કરવું એ ઉપરોક્ત કાયદાની કલમ 29 હેઠળ સજાપાત્ર ગુનો છે.ડિમાન્ડ નોટિસની નકલ નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે અને જો દેવાદાર ઇચ્છે તો, સામાન્ય કાર્યાલયના કલાકો દરમિયાન કોઈપણ કામકાજના દિવસે નીચે સહી કરનાર પાસેથી તે મેળવી શકે છે.

સ્થળઃ આણંદ, ગુજરાત
તારીખઃ ૦૯.૧૦.૨૦૨૫

એસડી/-
અધિકૃત અધિકારી, ફોર આઈકેએફ હોમ ફાઇનાન્સ લિમિટેડ માટે

ડિમાન્ડ નોટિસ

એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ
CIN: U67100MH2007PLC174759
રજિસ્ટર્ડ ઓફિસ: એડલવાઇસ હાઉસ, પહેલો માળ, C.S.T. રોડની બહાર, કાલીના, મુંબઈ 400098

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002, ("અધિનિયમ")ની કલમ 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો 2002ના નિયમ 3 (1) સાથે વાંચવામાં આવી છે.

તે, નીચે દર્શાવેલ અસાઇનરે એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને નાણાકીય અસ્કયામતો સોંપી છે, જે અહીં નીચે ઉલ્લેખિત વિવિધ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે પોતાની રીતે/તેની ક્ષમતા પ્રમાણે કાર્ય કરે છે (ત્યાર બાદ "EARC" તરીકે ઓળખાય છે).

અસાઇનમેન્ટ કરારો અનુસાર, SARFAESI એક્ટ, 2002ની કલમ 5 હેઠળ, EARCએ અસાઇનરનું સ્થાન લીધું છે અને નાણાકીય અસ્કયામતોના સંદર્ભમાં અસાઇનરના તમામ અધિકારો, ટાઇટલ અને હિતો અંતર્ગત સુરક્ષા હિતો, બાંયધરી, વચનો સહિત ઉધાર લેનાર દ્વારા લેવામાં આવેલી નાણાકીય સહાયના સંદર્ભમાં EARC માં નિહિત છે અને EARC સુરક્ષિત લેણદાર તરીકે તેના તમામ અધિકારોનો ઉપયોગ કરે છે.

નીચે સહી કરનાર સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ ("EARC")ના અધિકૃત અધિકારી છે.

સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વાંચવામાં આવેલા અધિનિયમની કલમ 13 (12) હ